આ પ્રભુની વાણી છે

# પવિત્ર શુક્રવાર

## મહાવ્યથાની કથા

સૌજન્ય : " મહાસપ્તાહ" શાસ્ત્ર પાઠાવલિ

પ્રવક્તા   પ્રભુ ઇસુ   પિલાત   કોરસ   એક વ્યક્તિ

# પવિત્ર શુક્રવાર
# મહાવ્યથાની કથા

**આપણા પ્રભુ ખ્રિસ્ત ઈસુની** *વ્યથા તણી આ કા'ણી*
યોહાન મુજબ વર્ણવું, સુણો *શ્રદ્ધા અંતરમાં આણી.*
**ઈસુ પોતાના શિષ્યો લઈને** *કિદ્રોન નાળા પાર.*
આવેલ બાગે જઈ પ્રવેશ્યા *બાગ તણી મોઝાર.*
**દ્રોહ કરનારા યહૂદાને પણ** *હતી જગાની જાણ,*
કેમકે ઇસુ અને શિષ્યો ત્યાં *મ ળ તા વા રં વા ર*
**પછી પ્રમુખ્ય યાજક કનેથી** *દાસ - - સિપાઈની ટોળી*
લઈ, ફાનસ, હથિયાર, મશાલો *લઈ ત્યાં આવ્યો દોડી.*
**પોતાની ઉપર આવી પડવાનું** *હતું તે સઘળું જાણી*
ઈસુએ પૂછયું,*" કોને શોધો છો?"* *પંડે જ આગળ આવી.*
**જવાબ દીધો તેઓએ એવો** *"શોધીએ ઇસુ નાઝારી"*
તે પર તેઓને કહ્યું ઇસુએ *"હું છું ઈસુ નાઝારી."*
**તેથી ઢળી ગયા, ભોંયે હઠી સૌ** *હું છું ઈસુ કહેતાં રે;*
વિશ્વાસઘાતી યહૂદા પણ જો *ઊભો હતો તે ઠારે.*
***"કોને શોધો છો?"* એમ ઇસુએ** ***પૂછી જોયું ફરી વાર;***
કહ્યું તેઓએ, "શોધીએ ઈસુ *નાઝારીને આ ઠાર."*
**બોલ્યા ઇસુ કે *"કહ્યું મેં તમને*** ***હું જ એ છું એ માટે***
*જો શોધતા હો મને તો જાવા* *દો આમને નિજ વાટે.*
***વચન કહેલું થાય તે પૂરૂં*** ***જેમને તેં મને સોંપ્યા,***
*તેમનામાંથી એકેયને મેં* *ખોયો નથી – નથી ખોયા".*
**તલવાર ખેંચી તુર્ત સિમોને** ***ઝનૂનમાં જઈ આવી;***
મુખ્ય યાજકના ચાકર કેરો *કાન જ દીધો ઉડાવી.*
***"તલવાર તારી મ્યાન કરી દે"*** ***કહ્યું પીતરને ઇસુએ,***
*"વાટકો મારા બાપે આપેલો* *પીઉં નહિ હું શું એ ?"*
**તે પર સૈનિક લોકરક્ષકો** ***યેહૂદી ચાકર તૂટયા,***
ચારે બાજથી ઘેરી લઈને *ઇસુને પકડી બાંધ્યા.*
**બાંધી ઈસુને પ્રથમ તેઓએ** ***આન્નાસ પાસે આણ્યા;***
મુખ્ય યાજકનો સસરો હતો તે, *તેથી ઈસુ ત્યાં લવાયા.*
**લોકોને લીધે એક મરે તે** ***હિતકારી છે ખાસ.***
એવી સલાહો યહૂદીઓને *દેનાર હતો કાઇફાસ.*

ઈસુની પૂંઠે પીતર સંગે શિષ્ય બીજો એક ચાલ્યો;
મુખ્ય યાજકનો જાણીતો હોતાં કચેરીમાંય પ્રવેશ્યો.
ઊભો પીતર તો બારણા પાસે તેથી જ સાથી શિષ્યે
દ્વારપાલિકા કને રજા લૈ તેડ્યો કચેરી માંયે.
દ્વાર પાલિકા પૂછે પીતરને, “ખરે પીતર પણ તુંયે
એ માનવીના શિષ્યોમાંનો છે ?” પીતર કહે: “નહિ હું એ.”
સઘડી ફરતા નોકર ચાકર ઠંડીને લીધે તાપે;
પીતર પણ ત્યાં ઊભીને તાપે મને અતિ સંતાપે.
એવામાં પ્રશ્ન શિષ્ય – શિક્ષણનો મુખ્ય યાજકે પૂછ્યો,
જવાબ દેતાં ઈસુજી બોલ્યાં : “જાહેરમાં હું બોલ્યો.
યહુદી સૌ જ્યાં ભેળા મળે છે સભા-સ્થાને મંદિરે
મેં ઉપદેશો જાહેર આપ્યા, ગુપ્ત કહ્યું ના લગીરે.
શું કામ પૂછે છે મને તું તો, મારૂં કહ્યું સુણનારા,
પૂછ તેઓને મારૂં કહેવું સાચે જ તે જાણનારા.”
બોલી રહ્યા’તા ઈસુ બધું આ ત્યારે સમીપે ઊભેલા,
મારી થપ્પડ હજૂરિયે કહ્યું: “ઉત્તર આવો દે છે તું આ?”
ઈસુજી બોલ્યા : “ખોટું હું બોલ્યો હોઉં તો આપ જુબાની,
કહ્યું ખરૂં છે, તો પછી મુજને માર મારે છે શાથી ?”
પછી બાંધેલી હાલતમાં એ ઈ સુ જી ને આજ્ઞાસે,
મોકલી આપ્યા પ્રમુખ્ય યાજક કાઈફાસની રે પાસે;
પણ પીતર ઊભો તાપતો’તો તેને જ તેઓ પૂછે :
“તું પણ તેના શિષ્યોમાંનો છે?” પીતર કહે, “નહિ હું એ.”
કાન કાપ્યો’તો પીતરે જેનો કહ્યું તેના જ સગાએ :
“ખરે મેં જોયો નથી તને શું તેની સાથે બાગમાંયે ?
પીતરે તે પણ નારે કબૂલ્યું અને હા એ જ ઘડીએ,
‘કુકરે કૂક’ કરંતો બોલ્યો કૂકડો જો પરોઢીએ.
પછી તેઓ કાઈફાસ કનેથી ઈસુજીને તે વારે
તેડી અદાલતમાંય ગયા જો પરોઢને સુમારે.
પ્રોઢ હતું ને વણ અભડાયે જમાય પાસ્ખા માટે,
વણ પ્રવેશ્યે કચેરીમાંયે બા’ર ઊભા જ બધા તે.
તેથી પીલાતુસ બારણે આવી મળી તેઓને બોલ્યો :
“આ માનવીની વિરુદ્ધ લાવો શી શી તમે ફરિયાદો ?”
ઉત્તર દેતાં તે સહુ બોલ્યા : “હોત ના એ ગુન્હેગાર;
તો પછી તેને તારા હસ્તોમાં સોંપવામાં શો સાર ?”




ત્યારે પિલાતે કહ્યું તેઓને : “એક જ જોઉં ઉપાય,
ધારા તમારા મુજબ તેનો તમે જ કરજો ન્યાય.”
એટલે બોલ્યા યહૂદીઓ કે : “કોઈનો લેવો જાન;
કાયદા મુજબ નથી અમારે છે અમને એ ભાન.’
નિજ મૃત્યુના પ્રકાર કેરો થયો તેથી અણસાર
બોલ્યા ઈસુ તે ખરું પડવાને થતું બધું થનાર.
તેથી પિલાતુસ ગયો ફરીથી પાછો કચેરી માંય;
ઇસુજીને બોલાવીને પૂછયું; “છે તું યહૂદીઓનો રાય?”
ઈસુજીએ ત્યાં ઉત્તર આપ્યોઃ *“કે’ છે તું તારી મેળે*
*કે પછી બીજા લોકે કહ્યું છે તને એ મુજ વિષે રે ?”*
કહ્યું પિલાતેઃ “યેહૂદી છું હું ? તારા પોતાના લોકે
મુખ્ય યાજકે મને સોંપ્યો છે, ગુન્હો શો તેં જ કર્યો છે ?”
ઉત્તર આપ્યો ઈસુજીએ ત્યાં *“મારું નથી જગ-રાજ,*
*હોત જગતનું રાજ જો મારું હોત બન્યું આવું નાજ.*
*યહુદીઓના હાથ પડું ના તેમાં મારા અનુયાયી*
*હોત લડયા પણ ખરેખરું રે રાજ નથી મજ આંહી”*
તેથી પિલાતે કહ્યું ઈસુને “તેથી તું છે શું રાજા ?”
તે પર ઉત્તર દીધો ઈસુએ *“કે’ છે તું તેમ છું રાજા.*
*કેમ જનમ્યો, જગમાં આવ્યો, કારણ તેનું એ છે,*
*સત્યની દેવા શાહેદી સતજન મારી વાણી સાંભળે છે”*
“સત્ય રે શું છે ?” કહ્યું પિલાતે (યેહૂદી પાસે બા’ર)
આવી કહ્યું કે, “મને તેનામાં દોષ જડે ના લગાર;
પરંતુ પ્રથા ચાલે તમારી કે પાસ્ખાને ટાણે,
એકને કરવો જોઈએ છૂટો તમો લીધે કોઈ મારે.
તો હું યહૂદીઓના રાજાને તમારે લીધે છોડું;
ચાહો તમે છો એમ બધા શું ? કહો છોડું કે ન છોડું ?”
તેથી તે બધા ઊઠયા પુકારીઃ “એને નહિ છુટકારો,
પણ દે બારાબાસ અમોને.” (બારાબાસ હતો લૂંટારો).


પછી પિલાતે ઈસુને લૈ જૈ કોરડા માર મરાવ્યો
અને સૈનિકે તાજ કાંટાનો ગૂંથી શિરે પહેરાવ્યો.
વળી જાંબુડી જામે શણગાર્યા ઈસુને ને પાસ આવી,
“રાજા નમસ્તે” કહી કરે છે મશ્કરી મૂકીઓ મારી.

આવી બહાર પિલાત કહે છે, “જુઓ, સમક્ષ તમારી,
લાવું ઈસુને દોષ જડે ના તેનામાં તે લો જાણી.’
તેથી કાંટાળો તાજ જાંબુડી જામાભેર ઈસુ આવ્યા;
કહ્યું પિલાતે : “દેખો તો ખરા ! જુઓ રે ! માણસને આ !”
પરંતુ મુખ્ય યાજકો સાથે ટોળાએ ઈસુ દેખ્યા,
“ક્રૂસે જડો રે, ક્રૂસે જડો રે!” ત્યારે બરાડી ઊઠયા.
કહ્યું પિલાતે : “તમે પોતે લૈ જઈ જડાવો ક્રૂસે,
કેમકે મુજને એ માનવીમાં દોષ ના મુદ્દલ દીસે.”
જવાબ દેતાં યેહૂદી બોલ્યા : “અમોમાં છે એક ધારો,
ધારા મુજબ એ મરવું તેણે દેવ પુત્ર બનનારો.”
જયારે પિલાતે વાત સુણી આ દિલે વધુ ગભરાયો,
જઈ દરબારમાં પૂછયું ઈસુનેઃ “વતની છે તું ક્યાંનો ?”
પણ ઈસુએ દીધો ઉત્તર ના એને કશો રે કાંઈ,
કહ્યું પિલાતેઃ “કેમ મને પણ કે’તો નથી તું કાંઈ?
શું જાણતો તું નથી કે તુજને ક્રૂસ પરે જડવાનો
મને અધિકાર છે? અને છે પણ છોડી તને મૂકવાનો ?’’
કહ્યું ઈસુએ : *“મારા સંબંધી તને અધિકાર કાંઈ*
*હોત નહિ, હા, ઉપરથી જો હોત અપાયો નાહીં*
***માટે જ તારા હાથ મહીં રે સોંપ્યો મને છે જેણે***
*સાચે જ ગુન્હો મહા ભયંકર વો’રી લીધો છે તેણે”.*
ત્યાર પછીથી પિલાત તેને છોડવા કોઈ ઉપાય
શોધી રહ્યો’તો, પણ યહૂદી ઊઠયા બરાડી બધાય :
“આ માનવીને જો તું છોડે તો મિત્ર કૈસરનો નહીં,
રાજા ઠરાવે પોતાને જે કો શત્રુ કૈસરનો સહી. ”
શબ્દ આ સુણ્યા બાદ ઈસુને બા’ર પિલાતે આણી,
કે’વાતી જગા ગાબ્બાથ પર તે બેઠો ન્યાયાસન ઢાળી.


પાસ્ખા તણી તૈયારીનો દા’ડો થયા’તા બપોર ઝાઝા,
કહ્યું પિલાતે યહૂદિઓને : “દેખો તમારો રાજા.”
પણ તેઓ તો પોકારી ઊઠયા : “દૂર કર, દૂર કર એને,
વિલંબ કરવા વિના જડી દે ઝટપટ ક્રૂસે તેને.”

“શું હું જડાવું ક્રૂસ ઉપર રે આ રાજવીને તમારા ?”
યાજકો બોલ્યાઃ “કૈસર વિના અન્ય ના રાય અમારા.”
**પછી પિલાતે ઈસુજીને રે ક્રૂસે જડાવવા માટ,**
સોંપી દીધાથી ઈસુને પકડી ચાલ્યા તે ઊભી વાટ.
**પછી ઈસુજી ક્રૂસ ઉપાડી ‘ખોપરી’ ધામે ચાલ્યા,**
હેબ્રી બોલીમાં કે’વાતી જગ્યા ગો લ ગા થ એ જાવા.
**તિયાં ઈસુને ક્રૂસની ઉપર જડાવવામાં આવ્યા :**
સાથે બીજા બે લૂંટારાને પણ બે બાજુએ ટીંગાવ્યા.
**લેખ લખીને ચોઢયો પિલાતે ઈસુના ક્રૂસ પે તાજા**
લેખ હતા કે, “ઈસુ નાઝારી યે હૂ દી ઓ નો રાજા.”
**ક્રૂસે જડાવ્યા હતા તે જગ્યા શે’ર નજીક હોવાથી**
ગ્રીક, લાટીન, હિબ્રુમાં લખેલો લેખ વંચાયો ઘણાથી.
**લેખની સામે વાંધો લઈને મુખ્ય યાજકે કહ્યું :**
“યહૂદીઓનો રાજા, લખ્યું તે લખ્યું પિલાતે ન સાચું,
**લખવું જોઈએ, તેણે કહ્યું, કે યહૂદીનો હું રાય.”**
કહ્યું પિલાતે : “લખ્યું તે લખ્યું, હવે શેં એ ફેરવાય ?”
**સિપાઇઓએ ઈસુજીને રે, ક્રૂસે જડાવ્યા બાદ,**
તેમનાં વસ્ત્રો લઈને તેના, પાડિયા ચારજ ભાગ.
**જામો ઈસુનો સીવ્યા વગરનો વણેલો આખે આખો,**
વેં’ચવા સારુ સિપાઈઓએ વિચાર એવો રાખ્યો;
**“ફાડીએ નવ આ જામો, પરંતુ જોઈએ ચિઠ્ઠી નાખી,**
જામ તણો માલિક ઠરાવી બીજા રહીએ બાકી.” ✓ *કોરસમાં ફક્ત ભાઈઓ ગાશે*
**“વસ્ત્રો મારાંને લીધાં વહેંચી ચિઠ્ઠી જામા પર નાખી,”**
સાચું પડે એ કથન માટે, તેઓએ એ રીત રાખી.
**હવે ઈસુના ક્રૂસને પડખે તેમનાં મા અને માસી**
મારિયા માગ્દાલેન ઊભા’તાં દુઃખી અને ઉદાસી.
**નિજ જનેતા ને પ્રિય ચેલો પાસ ઊભેલાં જોઈ,**
કહ્યું પોતાનાં જનેતાને કે, *“ પુત્ર જુઓ તમ બાઈ.”*
**કહ્યું શિષ્યને : *“વીરા ઓ મારા, દેખ આ તારાં માડી,”***
ત્યારથી શિષ્યે માતને તેડી રાખિયાં ઘેર સંભાળી.




**થઈ ચૂકયું'તું સઘળું હવાં પૂરેપૂરું એ જાણી,**
શાસ્ત્રવચન રે પૂરાં થવાને ઈસુએ માંગ્યું પાણી.
*“છું હું તરસ્યો,”* **સુણી એવું ત્યાં, ઊઠિયો એક સિપાઈ,**
વાદળી ખાટા રસે ભરેલી, ઈસુના મોંએ લગાડી.
**દ્રાક્ષતણો રસ ખાટો જ ચૂસ્યા બાદ ઈસુજી બોલ્યા :**
*“સંપૂર્ણ થયું.”* પછી મસ્તકને નમાવીને પ્રાણ છોડયા.

[ આ પછીનો ભાગ હરિગીતમાં ગાવો ]

## હરિગીત

દા'ડો હતો તૈયારીનો એ, ક્રૂસ ઉપર મૃત – દે
સાબાથ વારે ના ટીંગાઈ રે' કે દિન ગંભીર એ.
યેહૂદીઓએ વિનવ્યું પિલાતને પગ ભાંગવા,
એ મૃત દેહોના અને તે ક્રૂસથી ઉતારવા.
સિપાઈઓએ તે મુજબ આવી પગોને ભાંગિયા,
પે'લા – બીજાના જે ઈસુની જોડમાં લટકાવિયા.
પણ આવિયા ઈસુ કને તો તે મરી પરવારિયા,
જાણી તેઓએ તેમના પગને નહિ જો ભાંગિયા.
સિપાઈએ ભાલો પરંતુ મારી પાસું વીંધિયું,
ને તૂર્ત તેમાંથી રુધિર પાણી વહી જો આવિયું.
જોનાર જાતે દે જુબાની સાક્ષી તેની સત્ય છે,
સાચું વદે છે એમ જાણે તેથી માનો પણ તમે.
“ના ભાંગશો એકેય તેનું હાડ” એવું શાસ્ત્રનું,
પૂરું થવા – પડવા ખરું તે વાણ બનિયું આ બધું.
બીજું વચન પણ શાસ્ત્રનું “તેને વીંધિયો જેમણે,
તે નેત્ર માંડી તે પરે નિહાળશે તેને જ રે.”
જોસેફ આ રી મા થી આ ચેલો યહૂદીઓ તણી
બીકે રહેલો ગુપ્ત તે શબની કરે છે માગણી.
સ્વીકારી તેની અર્જને પિલાતુસે આપી રજા,
તેથી ગયો લેઈ ઈસુની લાશ આ રી મા થી આ.
ઈસુ કને આવેલ તે નિકોદિમસ પણ આવીયો,




મિશ્રણ અગર ને બોળનું    સો રતલ ઝાઝું લાવિયો.
યેહૂદીઓની રીત મુજબ    સુગંધી દ્રવ્યો તણો,
શબને લગાડી લેપ વીંટયું    લૂગડું શણનું જ જો.
ક્રૂસે જડયા'તા ઈસુને જયાં    બાગ એક હતો તહીં,
તે બાગની માંહે કબર    તૈયાર એક હતી નવી.
યેહૂદીઓ કેરા તિયારીના    દિ વ સ ને કારણે,
પાસે કબર હોતાં ઈસુને    દાટિયા તેમાંય રે.

સૌજન્યઃ "મહાસપ્તાહ" શાસ્ત્ર-પાઠાવલિ.

